# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી ૨૬-૧૦-૨૦૨૩

**ગુજરાતમાં ડમીકાંડ, પેપરકાંડ મોટાભાગની પરીક્ષાઓમાં સામે આવે તેમ છતાં ઇડી અને સીબીઆઇ કૌભાંડીઓ-ચમરબંધીઓ પર સકંજો કસવા કેમ ગુજરાતમાં દરોડા પડતા નથી? તેવો વેધક પ્રશ્ન** પૂછતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા ડીપાર્ટમેન્ટના કન્વીનર અને પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે રાજસ્થાનમાં પેપર ફૂટે અને રાજકીય હિસાબ ચૂકતે કરવા ચુંટણી સમયે ઇડી પહોચી જાય તો પછી ગુજરાતમાં સરકારી ભરતી પરીક્ષાના **૧૪**થી વધુ પેપર ફૂટે **૫૦**થી વધુ વખત ગેરરીતી સામે આવે અને અનેક વખત મેરીટ-પરિણામમાં ગોટાળા સામે આવ્યા છે છતાં કેન્દ્રીય એજન્સી ઇડી-સીબીઆઇ કેમ સરકારી ભરતીઓના એક પણ કૌભાંડીઓ પર રેડ કરતી નથી? શું ઇડી-સીબીઆઇને ચોક્કસ રાજ્ય માટે જ વિશેષ જવાબદારી સોપાઇ છે? રાજ્યની ભાજપ સરકારની ઘોર બેદરકારી અને લાપરવાહીના કારણે ગુજરાતમાં વારંવાર રાજ્ય સરકારની તલાટી, મુખ્યસેવિકા, નાયબ ચીટનીસ જેવી **૧૪**થી વધુ સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર ફૂટી જવાની ઘટના સામાન્ય બની રહી છે. જુનિયર ક્લાર્ક, લોક રક્ષક દળ (LRD), વીજ સહાયક, વન સહાયક, બિન સચિવાલય સહીતના પેપરો ફૂટ્યા હતા. જેના કારણે રાજ્યના લાખો બેરોજગાર યુવાનો હાલાકી અને અરાજકતાનો ભોગ બન્યા. રાજ્યની ભાજપ સરકાર યુવાનોના પ્રશ્નો અંગે અત્યંત અસંવેદનશીલ હોવાના આવા અનેક બોલતા પુરાવા છે. ચુંટણીમાં હાર ભાળી ગયેલી ભાજપના ઈશારે કેન્દ્રીય એજન્સીઓ થકી રાજકીય રેડના મરણીયા પ્રયાસથી કઇ થશે નહિ. **ઇડીની આ રાજકીય રેડ ના હોય તો હરિયાણા, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશમાં પેપર ફૂટવા અને ગુજરાતમાં વારંવાર પેપર ફૂટવા ઇડી – સીબીઆઇ ક્યારે રેડ કરીને કૌભાંડીઓ પર સંકજો કસશે ?** લાખો યુવાનો ન્યાય માટે જાણવા માંગે છે

| વર્ષ | ગુજરાતમાં પેપર લીકની વર્ષવાર વિગતો.. | કેન્દ્રીય એજન્સીની સ્થિતિ |
|---|---|---|
| 2014 | GPSC ચીફ ઓફિસરનું પેપર | ઇડી-સીબીઆઇ ક્યાં ? |
| 2015 | તલાટી પેપર | ઇડી-સીબીઆઇ ક્યાં ? |
| 2016 | જિલ્લા પંચાયત દ્વારા લેવાયેલી તલાટીની પરીક્ષા નું પેપર | ઇડી-સીબીઆઇ ક્યાં ? |
| 2018 | TAT -શિક્ષક પેપર | ઇડી-સીબીઆઇ ક્યાં ? |
| 2018 | મુખ્ય-સેવિકા પેપર | ઇડી-સીબીઆઇ ક્યાં ? |
| 2018 | નાયબ ચિટનિસ પેપર | ઇડી-સીબીઆઇ ક્યાં ? |
| 2018 | LRD-લોકરક્ષક દળ | ઇડી-સીબીઆઇ ક્યાં ? |
| 2019 | બિનસચિવલય કારકુન | ઇડી-સીબીઆઇ ક્યાં ? |
| 2021 | હેડ ક્લાર્ક | ઇડી-સીબીઆઇ ક્યાં ? |
| 2021 | DGVCL વિધુત સહાયક | ઇડી-સીબીઆઇ ક્યાં ? |
| 2021 | સબ ઓડીટર | ઇડી-સીબીઆઇ ક્યાં ? |
| 2022 | વનરક્ષક | ઇડી-સીબીઆઇ ક્યાં ? |
| 2023 | જુનિયર ક્લાર્ક. | ઇડી-સીબીઆઇ ક્યાં ? |

હિરેન બેન્કર

**( હિરેન બેન્કર )**
**પ્રવક્તા**